# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 30-01-2026** **Morning : 7.10 to 7.20 AM**

**Day : Friday** **Morning News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1) આજથી અંબાજી ગબ્બર ખાતે '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નો પ્રારંભ થશે.
2) મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદ જિલ્લામાં ભૂગર્ભ મેટ્રો ટનલ પર 100 મીટર લાંબા મેક ઇન ઇન્ડિયા સ્ટીલ બ્રિજનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ
3) હવામાન વિભાગે રાજ્યમાં આગામી સમયમાં ઠંડીમાં આંશિક ઘટાડો થવાની સંભાવના દર્શાવી
4) મોરબી પોલીસે શહેરના ધોરીમાર્ગ પર ડીઝલ ચોરી કરતી ગેંગને ઝડપી લીધી
5) WPL ક્રિકેટમાં આજે વડોદરામાં ગુજરાત જાયન્ટ્સ મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો થશે

---

(આકાશવાણી અમદાવાદ-વડોદરા કેન્દ્ર- પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયાં)

(હવે પછી આપ સાત વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....)

# AMBAJI - 51 SHAKTIPEETH PARIKRAMA

આજે સવારે અંબાજી ગબ્બર ખાતે ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનો ભવ્ય પ્રારંભ થશે.

ગબ્બર પર્વતની તળેટીમાં નિર્મિત ૫૧ શક્તિપીઠ પરિક્રમા માર્ગ ખાતે આજથી ત્રણ દિવસ માટે '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ' નો મંગલ પ્રારંભ થશે. આ પરિક્રમા મહોત્સવની સૌથી મોટી વિશેષતા એ છે કે માઇભક્તો એક જ સ્થળે અને એક જ સમયે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શન કરી શકશે.

આ અંગે બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલે વધુ માહિતી આપી હતી.

(બાઈટ... મિહિર પટેલ કલેકટર બનાસકાંઠા)

. . . . . . . . . . . . .

# BULLET TRAIN PROJECT - BRIDGE

ભારતીય રેલ્વેએ મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે અમદાવાદ જિલ્લામાં ભૂગર્ભ મેટ્રો ટનલ પર 100 મીટર લાંબા મેક ઇન ઇન્ડિયા સ્ટીલ બ્રિજનું બાંધકામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. રેલ્વે મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે , રાજ્યના કુલ 17 સ્ટીલ બ્રિજમાંથી પૂર્ણ થયેલો આ 13મો સ્ટીલ બ્રિજ છે. જે હાઇ-સ્પીડ રેલ કનેક્ટિવિટીને મજબૂત બનાવશે અને હાલની શહેરી પરિવહન પ્રણાલીઓની સલામતી સુનિશ્ચિત કરશે. એક હજાર 98 મેટ્રિક ટન વજનનો સ્ટિલ બ્રિજ અમદાવાદ-સાબરમતી મેઇન લાઇન - વેસ્ટર્ન રેલવેના સમાંતરમાં છે. જેની ઊંચાઈ 14 મીટર અને પોહળાઈ 15.5 મીટર છે.

. . . . . . . . . . . . .

# CONTRACT RESPONSE

## કરાર પ્રતિભાવ

યુરોપિયન સંઘ સાથેના કરાર અંગે વાપી ખાતેની મંગલમ ડ્રગ્સના ડિરેક્ટર ડૉ. કમલ વાસીએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવ્યું કે આ કરાર ખરેખર ખૂબ જ મહત્વના છે. લગભગ 29 યુરોપિયન દેશોના બજારો સમગ્ર ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર માટે ખુલી ગયા છે. આ કરારની જાહેરાત બાદ બજારમાં ઘણા સકારાત્મક વિકાસ થઈ રહ્યા છે.

(બાઇટ - ડૉ. કમલ વાસી ડિરેક્ટર મંગલમ ડ્રગ્સ)

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી સમયમાં ઠંડીમાં આંશિક ઘટાડો થશે , હવામાન વિભાગે આગામી 48 કલાકમાં તાપમાનમાં ત્રણથી પાંચ ડિગ્રીનો વધારો થવાની સંભાવના વ્યક્ત કરી છે. ખાસ પવનની ગતિ 45 થી 55 કિલોમીટર પ્રતિ કલાકે ફૂંકાવાની શક્યતા હોવાને કારણે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

(બાઇટ – એ. કે. દાસ, હવામાન વિભાગ નિયામક)

દરમ્યાન નલિયા 7 ડિગ્રી તાપમાન સાથે ઠંડુ શહેર રહ્યું હતું જ્યારે અમદાવાદમાં તાપમાન 14 ડિગ્રી નોંધાયુ હતું. અરવલ્લી જીલ્લામાં છેલ્લા બે દિવસથી ઠંડીનું જોર વધ્યું છે સવારે ધુમ્મસ વાળા વાતાવરણના કારણે વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે કડકડતી ઠંડીમાં લોકો રાહત મેળવવા તાપણાનો સહારો લઇ રહ્યા છે.

(બાઇટ – અંકિત ચૌહાણ, પીટીસી અરવલ્લી)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

ગોન્ગ મ્યુઝિક

……………………………….

# MORBI

મોરબી પોલીસે શહેરના ધોરીમાર્ગ પર ડીઝલ ચોરી કરતી ગેંગને ઝડપી લીધી છે. જેમાં સમાં ગેંગના શખ્સો સહીત ચાર આરોપીઓનો સમાવેશ થાય છે. મોરબી તાલુકા વિસ્તારમાં ડીઝલ ચોરી અંગે ફરિયાદ નોંધાઈ હતી , જેના આધારે પોલીસ તપાસ હાથ ધરી આ ગેંગને ઝડપી લીધી હતી, આ અંગે મોરબીના નાયબ પોલીસ અધિક્ષક જે એમ આલે વધુ માહિતી આપી.

(બાઈટ : જે.એમ.આલ, DYSP મોરબી)

. . . . . . . . . . . . .

# WPL

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં , આજે, ગુજરાત જાયન્ટ્સનો મુકાબલો મુંબઈ ઇન્ડિયન્સ સાથે થશે. આ મેચ આજે સાંજે 7.30 વાગ્યે, ગુજરાતના કોટંબીમાં વડોદરા ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાશે.

ગઈકાલે રમાયેલી મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ કેપ્ટન સ્મૃતિ મંધાના અને ગ્રેસ હેરિસની 108 રનની મજબૂત ઓપનિંગ ભાગીદારીના આધારે , યુપી વોરિયર્સને 8 વિકેટથી હરાવ્યું.

. . . . . . . . . . . . .

# PATAN DAK CHOPAAL

પાટણ જિલ્લામાં પાટણ મુખ્ય પોસ્ટ ઓફિસ અને જિલ્લાની અન્ય તમામ 272 શાખાઓ ખાતે ડાક ચોપાલનું આયોજન કરાયું હતું અને લોકોને ભારતીય પોસ્ટલ વિભાગની સેવાઓ અંગે જાણકારી આપવામાં આવી હતી.

આ ડાક ચોપાલમાં જાહેર જનતાને પોસ્ટ ઓફિસ બચત યોજનાઓ , ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંક , પોસ્ટલ લાઇફ ઇન્સ્યોરન્સ , જનરલ ઈન્સ્યોરન્સ તેમજ અન્ય સેવાઓથી માહિતગાર કરી તેનો લાભ લેવા જણાવાયું હતું.

ડાક ચોપાલ અંગે પાટણ મુખ્ય પોસ્ટ ઓફિસના પોસ્ટ માસ્ટર વાલજીભાઈ રબારીએ વધુમાં જણાવ્યું હતું.

(બાઈટ : વાલજીભાઈ રબારી, પોસ્ટ માસ્ટર)

. . . . . . . . . . . . .

# BSF RUNNING

સીમા સુરક્ષા દળ તેની સ્થાપનાના 60 વર્ષ પૂરા થયા તે પ્રસંગે હીરક જયંતી વર્ષની ઉજવણી અંતર્ગત પહેલી ફેબ્રુઆરીના રોજ " BSF રન - રોડ ટુ હેવન" દોડ ઇવેન્ટનું આયોજન કરી રહ્યું છે. આ કાર્યક્રમ કચ્છના રણમાં ધોળાવીરામાં પ્રખ્યાત "રોડ ટુ હેવન" પર યોજાશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય ફિટનેસ , નિશ્ચય, રાષ્ટ્રીય ગૌરવ અને વારસાને પ્રોત્સાહન આપવાનો છે , સાથે સાથે ભારતના સરહદી વિસ્તારોના વ્યૂહાત્મક અને સાંસ્કૃતિક મહત્વને પણ દર્શાવવાનો છે.

આ દોડમાં 14 વર્ષ અને તેથી વધુ ઉંમરના તમામ દોડવીરો ભાગ લઈ શકશે. સંરક્ષણ શ્રેણીમાં ભાગ લેનારાઓએ નોંધણી સમયે તેમનું ઓળખપત્ર બતાવવું આવશ્યક છે. મેરેથોનમાં ત્રણ શ્રેણી 10 કિલોમીટર , 30 કિલોમીટર અને 60 કિલોમીટર અલ્ટ્રા-રનમાં યોજાશે. દરેક શ્રેણીમાં શ્રેષ્ઠ ફિનિશર્સને ઇનામો આપવામાં આવશે. સંરક્ષણ કર્મચારીઓ માટે ખાસ એવોર્ડ શ્રેણીઓ છે. સહભાગીઓને હડપ્પા સભ્યતાના વિશ્વ-પ્રસિદ્ધ સ્થળ અને યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ, ધોળાવીરા નજીકના સુંદર સફેદ મીઠાના રણમાંથી દોડવાની અનોખી તક પણ મળશે.

. . . . . . . . .

# GONDAL LIBRARY

વાંચન પ્રેમીઓ અને વિદ્યાર્થીઓ માટે ગોંડલ ખાતે રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના ગ્રંથાલય ખાતા દ્વારા નવનિર્મિત સરકારી તાલુકા પુસ્તકાલયનું લોકાર્પણ કરાયું હતું.

આ પુસ્તકાલય અંગે માહિતી આપતા મદદનીશ ગ્રંથાલય નિયામક એલ. આર. મોઢે જણાવ્યું હતું કે , અહીં અંદાજે ત્રણ હજાર જેટલા પુસ્તકો ઉપલબ્ધ છે. વિવિધ વિષયોના 15 જેટલા મેગેઝીન પણ વાચકો વાંચી શકશે. તેમજ ગુજરાતી , હિન્દી અને અંગ્રેજી ભાષાના દૈનિક અખબારોની સુવિધા સહિત તમામ સવલતોનો લાભ નાગરિકો નિ:શૂલ્ક લઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે , વાંચકો માટે પુસ્તકાલયનો સમય મંગળવારથી શનિવાર સવારે સાડા દસ થી સાંજે છ વાગીને દશ મિનિટ સુધી તેમજ રવિવારે સવારે આઠથી બપોરે બાર વાગ્યા સુધીનો રહેશે. સોમવાર તથા જાહેર રજા નિમિત્તે પુસ્તકાલય બંધ રહેશે.

. . . . . . . . . . . . .

# AMRELI

અમરેલી જિલ્લામાં 'પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના ' (PM-JAY) હેઠળ 13 હજાર 500 દર્દીઓને 16.99 કરોડના ખર્ચે નિ:શુલ્ક આરોગ્ય સારવાર મળી છે. આયુષ્માન કાર્ડ દ્વારા નાગરિકોને મોંઘી સારવાર માંથી મુક્તિ મળી છે. આ ઉપરાંત, ચાલુ વર્ષે જિલ્લામાં 53 હજારથી વધુ નવા આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યું છે, જેનાથી વંચિત અને ગરીબ પરિવારોને આરોગ્ય કવચ મળ્યું છે.

. . . . . . . . . . . . .